૧

૧


# નમ નમ



ગ મ ન જ ા


જગન અને મગન દરરોજ સવારે વહેલા ઊઠે છે. નાહી ધોઈ તૈયાર થઈ ઘર બહાર આવે છે. જગન અને મગન સૂરજદાદાને નમન કરે છે.

જગન નમ.
મગન નમ.



જગન અને મગનના મિત્રો નમન અને મનન છે. તેઓ પણ રોજ સવારે વહેલા ઊઠે છે, માતા-પિતાને નમન કરે છે.

મનન નમ.
નમન નમ.



આજે જમન મામાના ગામ આવ્યો છે.

મામાના ઘરમાં જમન જમવા બેઠો છે. મામી જમનને જમવાનું આપે છે. મામી જમનને પીરસે છે અને જમવા આગ્રહ કરે છે. મામી જમનને કહે છે : 'જે જોઈએ તે માગ આજે તારા મામા શહેર જવાના છે.'

જમન કહે છે : મારે કંઈ મંગાવવું નથી. મને મારા મિત્રો ગમન, નમન અને મનનની બહુ યાદ આવે છે.

જમન જમ.

જમન મગ જમ.



| | | | | | |
|---|---|---|---|---|---|
| નમ | - | નામ | મન | - | માન |
| ગમ | - | ગામ | જન | - | જાન |
| ગજ | - | ગાજ | જમ | - | જામ |
| મગ | - | માગ | જગ | - | જાગ |

મગજ ગગન

નમન મનન

ગમન જમના

મગન નમાજ

| | |
|---|---|
| મગન જાગ. | ગગન ગામ જા. |
| ગગન જાગ. | નમન ગામ જા. |
| જમના જાગ. | જમના ગામ જા. |

| | | |
|---|---|---|
| ગમન | ગગન | નાગ |
| મગન | ગામ | નામ |
| નમન | માગ | મામા |

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

૨

૨

# વરસે વરસાદ







વ ર સ દ `

આકાશમાં કાળાં કાળાં વાદળો ઘેરાયાં અને વાહ ! ભાઈ વાહ ! આજે તો વરસાદ પડયો. ઝરમર ઝરમર વરસાદ વરસ્યો. આખી ધરતી જાણે આનંદમાં ઝૂમી ઊઠી.

વરસ વરસ.

વરસાદ વરસ.

સરસર સરસર વરસાદ વરસ.



ઘરમાં નરેન જમવા બેઠો છે. થાળીમાં વાડકી છે. વાડકીમાં રસ પીરસ્યો છે. નરેન ચમચી વડે રસ પી રહ્યો છે. મમ્મી કહે છે ‘‘વરસાદ પડી ગયો. હવે પછી રસ નહિ બને. આજે જેટલો રસ પીવો હોય એટલો રસ પી લે.’’

નરેન કહે છે : ‘‘હા મમ્મી, પણ હવે કાલે તો મારે મામાને ગામ જવાનું છે ને ?’’

રસ રસ.

સરસ રસ.

નરેન રસ જમ.



મામાનું ગામ ખૂબ સરસ છે. એટલે નરેનને મામાના ગામ જવું ખૂબ ગમે છે. માથા પર છત્રી ઓઢીને નરેન એના મિત્ર સુરેશ સાથે મામાના ગામ જવા નીકળે છે. રસ્તામાં વરસાદ વરસે છે. સુરેશે રેઈનકોટ પહેરી લીધો છે.

નરેન મામાના ગામ જા.

સરસ ગામ જા.



| | | | | | |
|---|---|---|---|---|---|
| સાગ | રામ | સાવ | મગ | - | મગન |
| નાગ | દામ | રાવ | જગ | - | જગન |
| માગ | નામ | નાવ | નમ | - | નમન |
| જાગ | ગામ | જાવ | મગ | - | મગર |
| રાગ | જામ | વાવ | વર | - | વરસ |

| | | | |
|---|---|---|---|
| જમે | મેજ | રેસ | સેર |
| દવે | વેદ | દેવ | દેવા |
| વસે | સેવ | સેવ | સેવા |
| દેવ | વેદ | રેસ | રેસા |

| | |
|---|---|
| મારા દાદા. | વેદને રસ ગમે. |
| સારા દાદા. | વેદ રસ જમે. |
| મારા રાજા. | દેવને સેવ ગમે. |
| નાના રાજા. | દેવ સેવ જમે. |
| સારા રાજા. | મેના રાસ રમે. |

| | | |
|---|---|---|
| વરસ | સરસ | જમ |
| વરસાદ | નરેન | મામા |
| સરસર | રસ | ગામ |


**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

3

# સાદ કર

3




ક બ અ છ આ એ

શાળાનાં સૌ બાળકો આજે ઉજાણી પર આવ્યાં છે. ખુલ્લા મેદાનમાં સૌ ભેગાં થયાં છે. છોકરીઓનું એક ટોળું રાસ રમે છે. રમા દૂર ઊભી છે. એની બહેનપણી મીરાંએ એને બૂમ પાડી : રમા આવ, રાસ રમ''.

રમા આવ.


રાસ રમ.



મેદાનની બાજુની ટેકરી પાસે છોકરાઓ ઊભા છે. તેઓ બૂમ પાડે છે. તેનો પડઘો પડે છે. તે સાંભળવાની સૌને મજા પડે છે. બાળક એકબીજાને સાદ પાડવા કહે છે. ‘‘સાદ કર, નાદ કર.’’

## સાદ કર.

## નાદ કર.



મેદાનમાં કેટલાંક છોકરા-છોકરી ગોળાકારે બેસી અંતાક્ષરી રમી રહ્યાં છે. વેદ અને દેવને ગાવા માટે એના મિત્રો આગ્રહ કરે છે. વેદ ગા, દેવ ગા.

ગાન કર, ગાન કર.

બંને મિત્રો ઊભા થઈને ગીત ગાય છે.

''પછી શામળિયાજી બોલિયા તને સાંભરે રે... ''

વેદ ગા, દેવ ગા.

ગાન કર, ગાન કર.



| | | | |
|---|---|---|---|
| કામ | કાર | નાગ | બાગ |
| આમ | આર | રાજ | બાજ |
| બામ | બાર | નામ | ગામ |
| નામ | નાર | વાસ | રાસ |
| જામ | જાર | વાવ | દાવ |

| | | | |
|---|---|---|---|
| સાગર | સવાર | અજગર | દરવાન |
| સારસ | બદામ | કસરત | વરસાદ |
| જાજમ | બજાર | સબરસ | દરબાર |
| બાવન | અનાજ | સરકાર | ગજરાજ |
| આરસ | અવાજ | | |

| | | |
|---|---|---|
| રમ - રમે છે. | | આ બા છે. |
| જમ - જમે છે. | | બા કામ કરે છે. |
| કર - કરે છે. | | આ બેન છે. |
| બેસ - બેસે છે. | | બેન રમે છે. |
| આવ - આવે છે. | | આ મામા છે. |
| નમ - નમે છે. | | મામા જમે છે. |

| | | |
|---|---|---|
| રમા | સાદ | દેવ |
| આવ | નાદ | ગાન |
| રાસ | વેદ | કર |

**ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ**
સર્વ શિક્ષા અભિયાન,
સેક્ટર-૧૭, ગાંધીનગર

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે